# ટેકનોલોજી અને સમાજવ્યવસ્થા

ડૉ.શિલ્પા રાજ્યગુરુ
આસીસ્ટન્ટ પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ
મહારણીશ્રી નંદકુવરબા મહિલા આર્ટ્સ કોલેજ, નિલમબાગ, ભાવનગર

## ૧. પ્રસ્તાવના

આધુનિક સમયમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં અત્યંત ફેરફારો નોધાયા છે. યાંત્રિકીકરણની દિશાઓ પણ બદલવા લાગી છે. આધુનિક યુગ ટેક્નોલોજી અને માહિતી આદન-પ્રદાનનો યુગ કહેવાય છે.માનવીની આસપાસ ટેક્નોલોજીનું આખું વિશ્વ વિકાસ પામ્યું છે.માનવી આજે નવી ટેકનોલોજીને આધીન જીવનવ્યવસ્થામાં વણાય ગયો છે કે જાણે ટેકનોલોજીની જરૂરિયાત તેની એક ટેવ બની ગઈ છે!! સમાજમાં સમગ્ર ધાર્મિક,શૈક્ષણીક,વ્યવસાયિક અને આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિમાં ટેકનોલોજી નો ઉપયોગ અત્યંત વ્યાપક બની ગયો છે.

વિશ્વમાં પ્રત્યેક સમાજની હાલ આગવી જરૂરિયાત અને ખાસિયત પરિવર્તન છે. સમય અને સંજોગો અનુસાર જડ અને ચેતન બન્ને પદાર્થોમાં પરિવર્તન આવે છે. વળી, ટેકનોલોજી યુક્ત સમાજવ્યવસ્થામાં સ્થિર સમાજની કલ્પના કરવી મુશ્કેલ છે. ભારતીય સમાજવ્યવસ્થામાં આવા સામાજિક પરિવર્તનનું માધ્યમ આયોજિત વિકાસ છે. સમાજવ્યવસ્થામાં પોતાના લક્ષ્યાંકો પરિપૂર્ણ કરવા લોકો આયોજનનો સિવાય પશ્ચિમીકરણ, આધુનીકરણ, વૈશ્વિકરણ અને યાંત્રિકીકરણની પ્રક્રિયા તરફ અભિમુખ થાયછે.

## ૨. વૈશ્વિકરણ

આધુનિક સમાજમાં૨૦મી સદીના છેલ્લાં વર્ષોમાં વૈશ્વિકરણની વિચારધારા પ્રગટ થવા લાગી. વૈશ્વીકિકરણ આધુનિક ટેકનોલોજી યુક્ત સમાજવ્યવસ્થાના સંદર્ભમાં સમજાવી શકાય. વૈશ્વિકરણનો ખ્યાલ રોનાલ્ડ રોબર્સને રજુ કર્યો છે. વૈશ્વિકરણને વિશ્વને સુગ્રથિત કરતી એક પ્રક્રિયા તરીકે ઓળખાવે છે.મૂડીવાદનો પ્રચાર,પશ્ચિમી સામ્રાજ્યવાદનો પ્રચાર અને વૈશ્વિક સંચારવ્યવસ્થાનો વિકાસ આ ત્રણ પ્રક્રિયા દ્વારા વિશ્વ સુગ્રથિત થઈ રહ્યું છે.

વૈશ્વિકરણ એક વ્યાપારિક પરિભાષામાં છે જેનું મૌલીક સ્વરૂપ એ છે કે દરેક રાષ્ટ્રને વિશ્વસ્તર ઉપર ઉપલબ્ધ હોય તેવા સમય,સાધનો,જ્ઞાન અને ટેકનોલોજી સરળ સ્વરૂપે પ્રાપ્ત થવા જોઈએ.

ટેકનોલોજીયુક્ત સમાજવ્યવસ્થામાં સંસ્કૃતિ અને ઉધોગ-ધંધાનો વિસ્તાર, ટેકનનીકલ પરિવર્તનો વગેરે પરિસ્થિતિઓ વૈશ્વિક સ્તરે દરેક દેશમાં ફેલાય છે. જેના પરિણામ સ્વરૂપે વિભિન્ન દેશના લોકો એક બીજાની નજીક આવે છે.વળી, ટેકનોલોજી દુનિયામાં એકતા વધારે છે અને તેનો મુખ્ય ધ્યેય સમયના અંતરને ઘટાડવાનો છે. ટેકનોલોજીના પરિણામ સ્વરૂપે સમાજમાં આત્મનિર્ભરતા પણ જોવા મળે છે. જેનો સંબંધ સામાજિક-સાંસ્કૃતિક,આર્થિક અને રાજનૈતિક ક્ષેત્રોમાં પણ છે.

સમગ્ર સમાજવ્યવસ્થામાં વિપુલ પ્રમાણમાં ટેકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે.વિશ્વને જાણેકે પોતાના ખિસ્સામાં સમાવી દીધું હોય તેવું લાગે છે. ઈલોક્ટ્રોનીક્સ સિસ્ટમનો પુષ્કળ પ્રમાણમાં સમાજમાં ઉપયોગ થવા લાગ્યો છે.

## ૩. પરંપરાગત સમાજવ્યવસ્થામાં પરિવર્તન

પરંપરાગત સમાજવ્યવસ્થામાં સંદેશાવ્યવહાર,જ્ઞાન,માહિતી વગેરે બાબતો યાદ રાખવી પડતી અથવા પુસ્તકો સ્વરૂપે સંગ્રહ કરવો પડતો.પરંતુ પરિવર્તિત સમાજવ્યવસ્થામાં લોકોની જીવનશૈલીમાં ટેકનોલોજી સંસ્થીકૃત થયેલી હોય તેવું લાગે છે.મોબાઈલ ફોન, ઈન્ટરનેટ સુવિધાઓ અને બીજી અનેક પરિસ્થિતિઓ સાબિત કરી દે છે કે, ઈન્ટરનેટ સુવિધા એક વૈશ્વિક લાઈબ્રેરી છે. થોડાજ

સમયમાં વ્યક્તિને વિશ્વના કોઈપણ પુસ્તકમાં રહેલી માહિતીઓ,વર્તમાનપત્રો,મેગેજીનો વગેરે અંગેની માહિતીઓ મેળવી શકાય છે અને લાંબા સમય સુધી સંગ્રહ પણ કરી શકાય છે.

**૪. અર્થવ્યવસ્થામાં પરિવર્તન**

સમગ્ર અર્થવ્યવસ્થામાં પણ પરિવર્તનની પરિસ્થિતિ જોવા મળી છે. આધુનિક સમયમાં સમગ્ર બજાર વ્યવસ્થા લોકોના ઘર સુધી પહોંચી છે. આધુનિક યુગમાં ઓનલાઈન ખરીદીનું પ્રમાણ પણ વધ્યું છે,નાનકડા મોબાઈલ વડે ખરીદી કરી શકાય છે તેમજ જૂની વસ્તુઓનું વેચાણ પણ શક્ય બન્યું છે. મોબાઈલ અને નેટ સુવિધાઓ દ્વારા દુનિયાના કોઈપણ ખૂણામાં વાતો અને ખરીદી કે વેચાણ કરી શકાય અને માહિતીનું આદાન-પ્રદાન શક્ય બને છે. વળી, આજકાલ યુવાનોમાં એક નવો ક્રેઝ ઉદ્દભવ્યો છે જેમાં વોટ્સપ,ઈનસ્ટા,ગૂગલ વગેરે દ્વારા માહિતીનું આદાનપ્રદાન શક્ય બન્યું છે.કોઈપણ અભ્યાસક્રમ,રેસીપી અને બીજી અનેક બાબતો પણ આ ટેક્નોલોજી વડે શક્ય બની જેમાં બજાર વ્યવસ્થાઓ લોકોના ઘર સુધી આવી પહોંચી જેમાં ગ્રાહક રાજા કહેવાય છે.

**૫. સ્ત્રીની કાર્યક્ષમતામાં પરિવર્તન**

બીજી તરફ પરંપરાગત ભારતીય સમાંજવ્યવસ્થામાં સ્ત્રીઓ હંમેશાં ગૃહકાર્યમાં વ્યસ્ત રહેતી. ટેકનોલોજીના નવા પ્રવાહે તેમની કાર્યભૂમિકામાં નોધપાત્ર પરિવર્તનો સ્થાપિત કર્યા છે. સ્ત્રીઓને રસોઈઘરમાં અત્યાધુનિક સાધનો પ્રાપ્ત થયા છે જેના દ્વારા અનેક કલાકો રસોઈમાં વેડફાઈ જતાં તેના સ્થાને ગણતરીના સમયમાંજ દરેક કાર્ય હવે શક્ય બન્યું છે.ઈલોક્ટ્રોનીકસ વસ્તુ અને ટેકનોલોજીના કારણે સ્ત્રીઓને પોતાના વ્યક્તિગત વિકાસની તકો પ્રાપ્ત થવા લાગી. ઓછા સમયમાં ઝડપી પરિવર્તને તેમના માટે ઘર બહારની પ્રવૃતિમાં પણ અલગ સ્થાન સ્થાપિત કર્યું. સ્ત્રી પોતાના જીવનમાં એક અલગ ઓળખ ઉભી કરી શકી.

ટૂંકમાં ટેકનોલોજી માત્ર નગરો કે મહાનગરોની જ જરૂરિયાત નહી પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં પણ તેનો ફેલાવો અને ઉપયોગ નોધનીય પરિવર્તનો લાવવા માટે વર્ણવી શકાય. જેમાં વ્યક્તિની પોતાની કુશળતા આધારિત તેની નવી ઓળખ ટેકનોલોજીને આભારી ઉદ્દભવી શકી. લોકો અર્થવ્યવસ્થામાં કે સમાજવ્યવસ્થામાં પોતાના સ્થાનને જાળવી રાખવા કે વિકસાવવા લોકો વિશ્વમાં આવેલી નવી ટેકનોલોજી ,નવા ઉપકરણો,સાધનો કે જ્ઞાનની સમગ્ર અર્થવ્યવસ્થાને અનુસરવા લાગ્યા.

ટૂંકમાં, દરેક રાષ્ટ્રને  વિશ્વસ્તરે સમય,સાધનો,જ્ઞાન પ્રાપ્ત થવાના સ્વરૂપ વૈશ્વીકિકરણ તરીકે ઓળખાવી શકાય અને આ વૈશ્વીકિકરણ આધુની ટેકનોલોજી ને આભારી છે.

**સંદર્ભસૂચિ**

1. શાહ, એ.જી. એન્ડ જે.કે.દવે. આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન. અનડા પ્રકાશન અમદાવાદ
2. દોશી-ત્રિવેદી ઉચ્ચતર સમાજશાસ્ત્રીય સિદ્ધાંત (હિન્દી). જયપુર પ્રકાશન
3. દોશી, હરીશ નગરસમાજશાસ્ત્ર યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ